# પ રિ શિ ષ્ટ

## ૧. વાંસનો અંકુર – ૧૯૬૭

– ધીરુબહેન પટેલ

"વાંસનો અંકુર" મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી લખાયેલી નવલકથા છે. પુત્ર પ્રસવ પછી માતાનું અવસાન થતાં એ પુત્ર કેશવ માતૃપક્ષે દાદા રમણીકલાલને ત્યાં ઉછેર પામે છે. રમણીકલાલની "સોયની અણી જેવી તીક્ષ્ણ" નજર અને નિયમયુસ્તતા વચ્ચે કેશવ દબાયેલી સ્પ્રીંગની જેમ જીવતો હતો. લેખિકાએ રમણીકલાલ વિશે કહ્યું છે :

> "રમણીકલાલે આખી જિંદગી ઘડિયાળના એ બે કાંટા પર ઝૂલીને કાઢી હતી."
>
> :પૃ.૮.:

સમયચુસ્તતા એટલી હદે કે મિનિટ પળોની ગણતરી થતી. કેશવ સાડા નવને બદલે ચાર–પાંચ મિનિટ મોડો પહોંચે છે, જાણી–બૂઝીને. તો સામેથી એ થયેલી કેશવની બચાવની દલીલનો પ્રત્યુત્તર વાળે છે :

> "વાહ, એની એ શી રીતે ? સાડા આઠ એટલે સાડા આઠ ને ચાળીસ એટલે આઠને ચાળીસ....એ બે એક કઇ રીતે કહી શકાય ? "
>
> :પૃ.૧૧.:

આવી સમયચુસ્તતા સાથે નિયમની પણ બધ્ધતા છે. લેખિકા આ અંગે કહે છે :

"....રમણીકલાલના ઘરમાં નિયમો પળાવા માટે ઘડાતા હતા. પ્રત્યેક નિયમનું પાલન પૂરેપૂરી ચોકસાઇથી થતું – તો જ એ થયું ગણાતું. ચોકસાઇ એ રમણીકલાલનો ગુરુ મંત્ર હતો. કોઇપણ વાત ગમે તેટલી નાની કેમ ન હોય, એમાં લગીરે ફેરફાર એ સહન કરી શકતા નહીં."

:પૃ.૧૧.:

આવા વાતાવરણમાં ઉછેર પામેલો કિશોર કેશવ, પિતા સાથેની બાપદીકરાની આ વર્ષની ત્રીજી મુલાકાત હતી. પિતા મોતીલાલ મિલમાં નોકરી કરે છે અને વિધવા બહેન અનસૂયા સાથે ગરીબીમાં રિબાતાં જીવન જીવે છે. અહીં બે પરિસ્થિતિઓ સામસામે મૂકાઇ છે. એક બાજુ ધનાઢ્ય દાદા રમણીકલાલ છે અને બીજી બાજુ ગરીબ – પિતા મોતીલાલ છે. જનેતાની ઇચ્છા ન હોવા છતાં રમણીકલાલ કેશવને લઇ જાય છે અને ત્યાં નરી ચુસ્તતા વચ્ચે એનું ઘડતર થાય છે.

કેશવને ખેંચનારાં બે પરિબળો છે. દાદા રમણીકલાલને ત્યાં નર્યો વૈભવ છે. આ વૈભવનો વારસદાર એક માત્ર કેશવ છે. કેશવ પણ આ અંગે સભાન હોવા છતાં એનું આકર્ષણ પિતા પ્રત્યે છે. ગરીબ-વૃધ્ધ પિતા વર્ષમાં ચારેક વાર મળે એ રમણીકલાલને નથી ગમતું, પણ કેશવને તો ગમે છે, એટલે એની આત્મીયતા પિતા સાથે છે ને બંધન દાદા સાથે. કસોકસ નિયમબધ્ધતા ને સમયચુસ્તતાનો વિદ્રોહ એ એના પિતા આગળ ઠાલવે છે. એ "અભ્યાસ તો ઠીક ચાલે છે ને ?" એવા પિતાના પ્રશ્નના ઉત્તરમાં કહે છે : "ના મને નથી ફાવતું. મને – હું માનું છું કે હવે મારે....મને નથી ભણવું." :પૃ.૨.:

પિતા આગળ પણ એ થોથવાતો બોલે છે તે દાદાના એનામાં પ્રસરી ગયેલા ભયને સૂચવે છે. એ પછી તો એ એક પછી એક ઘટનામાં દાદાનો વિરોધ કરતો થયો છે. જયાં પ્રત્યક્ષ વિરોધ કરી શકાય

તેમ નથી ત્યાં પરોક્ષ રીતે એ પ્રગટ થાય છે. ભણવા અંગે, છોકરીને મળવા અંગે, દાદાએ એના વ્યવસાયની કરેલી વ્યવસ્થા અંગે અને લગ્ન માટે દાદાએ સૂચવેલી છોકરી અંગે એનો વિદ્રોહ લાવારસ જેવો છે. ક્યાંક થોડોક ભભૂકે છે ને ક્યાંક અંદર વલોવાયા કરે છે.

વસ્તુસંકલનાની દ્રષ્ટિએ જોઇએ તો આ નવલ બે ભાગમાં વહેંચાઇ જાય છે. ઘણોખરો ભાગ કેશવના વ્યક્તિત્વના સળવળાટમાં રોકાયેલો છે. દાદાના કડપ આગળ એ કશું જ બોલી કે કરી શકતો નથી. અનિચ્છાએ એને દાદાના પગલામાં પગલું મૂકવું પડે છે. દાદા એની ઇચ્છા જાણી આરંભમાં વિરોધ કરે છે ને પછી એને અનુસરે છે, જે કેશવને ગમતું નથી. તેથી તો દાદાએ આણી આપેલો રેડિયો "સરસ" હતો તોય એનો અંદરથી અવાજ ઉઠતો હતો: " પણ તમે તમારી મરજીથી આણ્યો છે, મેં માગ્યો એટલે નથી આણ્યો." :પૃ.૨૯: આ વ્યથાને કેશવ પ્રગટ કરે છે :

> "મારા કહ્યાથી તમે ક્યારેય કશું જ નથી કર્યું. હું તમારું કહ્યું નહીં કરું. તમે કહો છો એવો હું નહીં થાઉં, નહીં જ થાઉં."
>
> :પૃ.૨૯.:

આ કેશવનો આક્રોશ છે, ધીમે ધીમે પ્રગટતો જાય છે. આ સાથે એનું વલણ પિતા તરફ ઢળે છે. પિતાનો સ્વભાવ, એમનું વર્તન અને વહાલ ને એમની ગરીબીથી કેશવ પિતાની નજીક આવતો જાય છે તે છેક વૈભવ છોડીને પિતા સાથે ચાલીમાં રહેવાની—ગંદકીમાં રહેવાની મનોમન ઇચ્છા કરે છે. આ બીજા પરિબળ તરફ લેખિકાની નજર ઠરેલી છે. લેખિકા કહે છે :

> "કેશવ મોતીલાલને ખૂબ ચાહે છે. એમનો ચહેરો જો આવો જ રહેવાનો હોય તો પછી આસામ જઇને પણ એકાંત નહીં સાંપડે."
>
> :પૃ.૧૬૯:

નવલના આરંભમાં મોતીલાલ અને કેશવ - બાપ-દીકરો મળે છે ત્યાં ધૂંધવાયેલો કેશવ છે અને અકસ્માતથી હોસ્પિટલમાં દાખલ થયેલા પિતાને દીકરો મળે છે. ત્યાં એ દાદાની ચુસ્તતામાંથી વિછૂટો થયેલો કિશોર-યુવાન લાગે છે. આ કેશવમાં આવેલું પરિવર્તન લેખિકાએ ક્રમિક રચી આ પાત્રનો વિકાસ સાધ્યો છે. એમાં એમની સર્ગશક્તિ અને પાત્રનિર્માણની કળાની પ્રતીતિ થાય છે. દાદાના વ્યક્તિત્વની ઉપસતી રેખાઓની ચુસ્તતા પણ પાત્રનિર્માણના જુદા પરિમાણની સજ્જતા છે.

આ નવલનું મુખ્ય પાત્ર કેશવ છે. એની આસપાસ કથાગૂંથણી થયેલી છે. દાદા, પિતા, માસીઓ, ફોઇ અને અન્ય પાત્રો કેશવ સાથે ગૂંથાયેલાં છે. એમાં કેશવની સહાનુભૂતિ માત્ર દાદાએ ગુમાવી છે એવું વલણ સતત પ્રગટ થયા કરે છે. લેખિકાએ મુખ્ય બે પરિબળો - દાદા અને પિતા- ની આસપાસ કથાગોફ ગૂંથી કેશવના આંતર-બાહ્ય વ્યક્તિત્વને ઉપસાવ્યું છે. આ રચનાપ્રપંચથી આ કૃતિ પ્રયોગાત્મક બની છે. કિશોર-યુવાન કેશવના ઘડતરની સમસ્યાનો મનોવૈજ્ઞાનિક અભિગમ લઇ લેખિકાએ અંતે લોહીનો સંબંધ - વાંસના અંકુર"ની સમીકરણરીતિ સાધી આપી છે.

કેશવ આસામ જવાનો છે. એ વેળા પિતા-પુત્રનું મિલન યોજી લેખિકાએ નવલનો અંત આણ્યો છે. આ મિલન એકી સાથે બે પાત્રોને ઉપસાવી આપે છે તે મૃત માતા સુશીલા અને કેશવ. માતા તો મૃત્યુ પામી છૂટી, પણ કેશવને દાદાની જાળમાંથી છૂટવું હોય તો આસામ ગયે જ છૂટકો. કેશવ બધાં બિલ ચૂકવી મનીઓર્ડર મોકલવાનું કહે છે ત્યાં મોતીલાલ અનુભવે છે : "ઠીક, કેશવ નહોતો, આ તો સુશીલા જ બોલતી હતી જાણે. એ કહે એમ જ કરવું પડશે. આ મૂરખ છે - કહે છે, મારી મા ત્યાં ગઇ. એ તો કયાંય નથી ગઇ, દીકરા આ તારી આંખોમાં, વાતમાં, આ આખાયે પડકારમાં એ જ બેઠી

છે, કેશવ ! બીજું કોઇ નથી. તારી મા અહીં જ છે. તું જાણે છે?"

:પૃ. ૧૭૧.:

વ્યક્તિત્વ સામે વ્યક્તિત્વનો "પડકાર" એ આ નવલનો ધ્વન્યાર્થ છે. અને એ સાથે લેખિકા એ પણ સિધ્ધ કરવા માગે છે કે માતૃત્વ અને પિતૃત્વ – બંને આ કેશવમાં ઉતર્યાં છે તેથી એ પડકારો થયો છે. લેખિકાએ મોતીલાલના મુખે આ જ સિધ્ધ કરવા વિધાન મૂક્યું છે.–

"તમને ખબર નથી ડોકટર, આખરે છોકરો કોનો? એની ઉંમરે હું પણ આમ જ ઘરમાંથી નાસી છૂટયો હતો ?"

:પૃ. ૧૭૨.:

"વંસનો અંકુર" શીર્ષક અહીં યથાર્થ પૂરવાર થાય છે. બાપ જેવા બેટાની ઇતિસિધ્ધમનું પ્રમેય અહીં પૂરું થતું લાગે છે. નાસી છૂટવાનો પિતાનો સંદર્ભ સંદિગ્ધ છે, છતાં કેશવના ભાગી છૂટવાના સંદર્ભમાં જો ગૂંથાયેલો હોય તો એ વારસાગત બને છે અને આ વારસો જ વંસનો અંકુર ગણાય.

વસ્તુસંકલનનાની દ્રષ્ટિએ જોઇએ તો –

।૧। આ નવલ કેશવની પરિસ્થિતિજન્ય સુસ્તતામાંથી મુક્તિ તરફની ગતિને વેગ આપતી રમણીકલાલ, કેશવ અને મોતીલાલના કથાનકથી ગૂંથાઇ છે.

।૨। મુખ્ય કથાદોરમાં માસીઓ, ફોઇ અને અન્ય ગૌણ પ્રસંગોની કલાત્મક આયોજના થઇ છે.

।૩। આ નવલ સંવાદોથી ઉઘડતી રહી છે. ક્યાંક લેખિકા એના ઉઘાડમાં સૂચક વિધાનો મૂકી કથાનકને અને ગૂઢાર્થને વ્યકત કરી આપે છે.

।૪। કેટલીક જગ્યાએ આંતરસંઘર્ષ આલેખાયો છે.

।૫। આ નવલની વસ્તુસંકલનાનો પાયો મનોવૈજ્ઞાનિક ભુમિકા પર રચાયો છે, તેથી વ્યક્તિત્વો પ્રગટ થયાં છે.

ઉપર્યુક્ત રચનાકળાના વિનિયોગથી આ કૃતિ પ્રયોગાત્મક અને આસ્વાદ્ય નીવડી છે.

૦ ૦ ૦

## ૨. કામિની - પ્રથમ આવૃત્તિ-૧૯૭૦.

- મધુરાય.

"કામિની" એ મધુરાયની એક વિશિષ્ટ નવલ છે. "કોઇપણ એક ફૂલનું નામ બોલો તો ?" એ એમણે લખેલું નાટક. આ જ નાટકમાંથી લેખકે પોતે જ "કામિની"ને જન્મ આપ્યો. આમ નવલ ક્ષેત્રે આ એક નવ્ય પ્રયોગ છે.

કૃતિમાં નાટકમાં નવલકથા ને નવલકથામાં નાટક એમ યોજના થયેલી જોવા મળે છે. કથાવસ્તુના વિકાસ માટે ડાયરી પધ્ધતિ પણ પ્રયોજવામાં આવી છે. આ બધાની વિગતે ચર્ચા કરતાં પણ વિષય-વસ્તુ તપાસવું જરૂરી છે.

જગન્નાથ પાઠક, કામિની દેસાઇ, સુંદર દેસાઇ, સ્વાતિ સોની, પ્રીતમ સોની આ નાટક ભજવતું એક ગ્રુપ છે. એમાં કેશવ ઠાકર ઉમેરાય છે, એ લેખક છે. બધા એમને કવિરાજ પણ કહે છે. "કોઇપણ એક ફૂલનું નામ બોલો તો ?" આ નાટક ભજવવાનું હતું. કેશવ ઠાકર આ નાટકનો લેખક હતો. આ નાટકમાં જરૂરી પાંચ પાત્રો તો ગ્રુપમાં જ હતાં. છઠ્ઠું પાત્ર કોને આપવું એ પ્રશ્ન હતો. આ પાત્રનો રોલ માત્ર પાંચ જ મિનિટનો હતો. એણે એક જ સંવાદ બોલવાનો હતો.

"ગુડ ઇવનિંગ, લેડિઝ એન્ડ જેન્ટલમેન !"

આ પાત્ર સર્વાનુમતે કેશવ ઠાકરને - લેખકને પોતાને જ - આપવામાં આવ્યું હતું. નાટકમાં કાન્તા :નવલકથાની કામિની: ના હાથે દેશપાંડે :નવલ-કેશવ ઠાકર:નું ખૂન થવાનું છે પણ કાન્તા તેના બદલે પ્રેક્ષકોની પહેલી હરોળમાં બેઠેલા શેખર અ ખોસલાનું ખૂન કરે છે. અહીં નાટક પૂરું થાય છે.

કૃતિમાં શેખર ખોસલા એ એક કલ્પના છે - "મિથ" છે. ને છતાં એક વાસ્તવિક પાત્ર - પ્રત્યક્ષ પાત્રની જેમ કૃતિનાં બીજાં પાત્રો પર છવાઇ ગયું છે.

કૃતિની આ એક વિશિષ્ટતા બની રહે છે. પ્રત્યક્ષ રીતે કયાંય આ પાત્ર આવતું નથી ને છતાં એ એક મહત્ત્વનું પાત્ર બની રહે છે.

કૃતિમાં દરેક પાત્ર પોતે પોતાને જાણતું હોય એના કરતાં બીજાં પાત્ર એને વધારે સારી રીતે સમજતાં હોય છે. કામિની દેસાઇ ને સુંદર દેસાઇ ભાઇ-બેન છે. તેમની માતા પણ છે. માતાએ નાનપણથી જ કામિનીને કમાણીનું સાધન બનાવી છે. એમ સુંદર પણ કહે છે ને કામિની પોતે પણ કહે છે. જગન્નાથ પાઠક કામિની-નો છેલ્લો શિકાર છે.

કામિનીનો ભાઇ સુંદર દેસાઇ કહે છે :

"મારું ઘર, મારા ઠાઠ, કામિનીની કમાણી ઉપર ચાલતાં. હું જાણતો હતો, અમે કામિનીને એકસ્પ્લોઇટ કરીએ છીએ. કામિની રૂપાળી છે. એટલે કામિની અભિનયમાં હોંશિયાર છે. એટલે, કામિની ઉપર પાઠક આસક્ત છે. એટલે કામિની ધન કમાય છે, અને અમે નભીએ છીએ પણ એનો મને ડંખ નહોતો. મારી બહેનને શારીરિક વ્યભિચાર નહીં તો પણ લાગણીઓનો વ્યભિચાર કરવાની ફરજ પાડી હું મારા શોખ પોષતો હતો. મારી મા ધન એકત્ર કરતી હતી."

:પૃ. ૧૮૩.:

"કામિની પુરુષ વિના ચલાવી શકતી નહોતી. મારી માને કામિનીનાં એ કુલક્ષણ ઘર ભરવા માટે ઉપયોગમાં લઇ લીધાં

હતાં. અને નાનપણથી એ છોકરી બડી ચાલબાજ, જુઠાળી, અને ઢોંગી બની ગઇ હતી." - :પૃ. ૧૮૪.:

"શેખર ખોસલા" એવું મિથ" છે જેનું કથાના વિકાસમાં યોગ્ય રીતે પ્રયોજન થયું છે. કામિની સાથે એ પુરુષને કોઇ સંબંધ નથી ને છતાં કામિની પોતાની સાથે એનો કાલ્પનિક સંબંધ જોડે છે..... અન્ય પાત્રોની નબળાઇ કામિનીએ પકડી છે. ને એ જ નબળાઇનો ઉપયોગ કરી શેખર ખોસલાના નામે બીજાં પાત્રોને ડરાવે છે.

પ્રીતમ સોની અને સ્વાતિ સોની પતિ-પત્ની છે. પણ સ્વાતિને સુંદર દેસાઇ સાથે સંબંધ છે. આ સંબંધ એની ચરમસીમાએ પહોંચે છે. સ્વાતિ પોતે સમજે છે કે પ્રીતમ સોનીને આની ખબર નથી. પણ એ સારી રીતે જાણતો હોય છે. સુંદર દેસાઇને નયના નામની છોકરી સાથે પણ સંબંધ છે. સુંદર કામિની પાસે વારંવાર પૈસાની માગણી કરે છે. કામિની આપતી પણ હોય છે. એકવાર કામિની પૈસા આપવાની ના પાડે છે. ને કારણમાં પોતાના એક મિત્રને આપવાના છે એમ કહે છે, એ મિત્ર તે શેખર ખોસલા.

"હાસ્તો ! મેં એને કહ્યું મારે એ પૈસા આપવાના છે એક જણને ! શેખર ખોસલાને !

"પણ ત્યારે તો તમને એના નામની પણ ક્યાં ખબર હતી ?"

"તે જ દિવસે મેં એક છાપામાં એનું નામ વાંચ્યું હતું. એની સાતિજા ફંકશનમાં એણે ફાળો આપ્યો હતો. મોટું ભાષણ કર્યું હતું. મેં મોંમાં જે નામ આવ્યું તે કહી દીધું : શેખર ખોસલા !"

:પૃ. ૨૮૦.:

નાટકના અંતે શેખર ખોસલાનું ખૂન થાય છે. એ અંગે પાંચમા પ્રકરણમાં સવાલ-જવાબ થાય છે. પણ શેખર ખોસલા નામની વ્યક્તિને કોઇ ઓળખતું નથી એ તો સાચું છે. છતાં સાબિત થયું કે કામિનીએ એમનું ખૂન કર્યું છે. કામિનીને જનમકેદની સજા થઇ છે. પણ પાંચમાં પ્રકરણ :એકરાર: - માં પ્રીતમલાલ સોની, સુંદર દેસાઇ, સ્વાતિ સોની, આ પાત્રો શેખર ખોસલાના કામિની ધ્વારા થયેલા ખૂનમાં પોતાને દોષિત ગણે છે.

પ્રીતમલાલ સોનીને પોતાની પત્ની સ્વાતિના સુંદર દેસાઇ સાથેના પ્રેમની ખબર છે ને તેથી ઘણી વાર આપઘાત કરવાનો વિચાર થાય છે. એ આપઘાત કરવા નાટકમાં ને નાટકમાં - પિસ્તોલમાં સાચી ગોળી ભરી આપઘાત કરી નાખવાનો ખ્યાલ કામિની સાથેની વાતચીતમાં મૂકે છે, ને આ રીતે જાણે-અજાણે કામિનીને શેખર ખોસલાનું ખૂન કરવાની પ્રેરણા પોતે જ આપી હોય એમ ખૂન માટે પોતાને ગુનેગાર ગણે છે.

સુંદર દેસાઇએ કેશવ ઠાકરને નાટક લખવા માટે ખૂનના પ્લોટનું સૂચન કરેલું :પૃ. ૬૦.: તેથી શેખર ખોસલાના ખૂન માટે પોતાને દોષિત ગણતો હતો.

કામિનીએ સ્વાતિને શેખર ખોસલા સાથેના પ્રેમની વાત કરી. આ ભૂતકાળનો પ્રેમી હવે પોતાને બ્લેકમેઇલ કરવા માગે છે. એમ કહ્યું ત્યારે સ્વાતિએ જ કામિનીનાં મનમાં ખૂનનો વિચાર રોપેલો એ રીતે આ ખૂન માટે સ્વાતિ પોતે જ જવાબદારી - સ્વીકારે છે.

આમ શેખર ખોસલાનું પાત્ર કલ્પના હોય - "મિથ" હોય તો પણ ખૂન કામિની દેસાઇના હાથે થયું ને તે અંગે બીજાં મુખ્ય પાત્રો પોતાને જ દોષિત ઠરાવે છે. એ રીતે એમાં પોતાને -

સાંકળે છે. આમ કૃતિમાં કોનું ખૂન થાય છે ? ખૂન કોણ કરે છે ? એ બધાં કરતાં એ ખૂનની ઘટનાના સંદર્ભમાં પાત્રોનો ઉઘાડ થતો જાય છે - એમનાં રહસ્યોનો સ્ફોટ થતો જાય છે.

કૃતિમાં પાત્રો પોતે પોતાનું ને સામા પાત્રોનું વિશ્લેષણ કરતાં જાય છે ને તેનાથી એ પાત્રો ઉઘાડ પામતાં જાય છે. એમનાં જુદાં જુદાં સ્વરૂપો છતા થતાં જાય છે. લેખક મધુરાય તો જાણે સાવ તટસ્થ રહી "માયાલોક" રચે છે. પાત્રોને એમની જ રીતે સાહજિકતાથી વિકસવા દે છે.

શેખર ખોસલાએ કામિનીને પાઠક સાથે પરણવાની છૂટ તો આપી જ છે. પાઠક સાથે પરણીને નાટકમાં કામ કરવાનું પણ ચાલુ રાખવામાં ખોસલાને વાંધો નથી, પણ પોતે જ્યારે બોલાવે ત્યારે કામિનીએ તેની પાસે હાજર થવું. ને જો કામિની આ કરવા તૈયાર નહિ થાય તો એ પાઠકનું કિડનેપ કરી જશે. આમ કામિની પાઠકને તો નાના બાળકના જેવો ડર બતાવે છે. પાઠક અને શેખર ખોસલાને કામિનીએ પોતાની રીતે છતા કર્યાં છે :

"તું ડરે છે. તું ડરી ગયો છે. હમણાં જ એક મિનિટ પછી તું મને એની વાત માની જવાની સલાહ આપશે. કારણ કે તને પુરાઇ જવાની બીક લાગે છે, તું નાટ્યક્ષેત્રે ધુરંધર નહિ બની શકે. એથી ડરી જાય છે. તારામાં અને શેખર ખોસલામાં કંઇ જ ફરક નથી. બંનેમાંથી ખરેખર મને કોઇ ચાહતું નથી. તું મને પરણીને મારો મફત હિરોઇન તરીકે ઉપયોગ કરી નાટકમાં નામ કરવા માગે છે. અને શેખર એવી લોકપ્રિય અભિનેત્રી એની આંગળીઓના ઇશારે નાચે છે એવું એવું એના દોસ્તોને કહેવા માગે છે."- :પૃ.૨૫૧.:

આમ કામિનીનું અહીં પણ એક્સપ્લોઇટેશન તો થાય છે જ એમ એનું કહેવું છે.

સુંદર, ખૂનની ઘટના ને કામિનીએ ખૂન કર્યાના કારણનું વિશ્લેષણ કરતાં કહે છે :

"આઠ આઠ વર્ષ એણે પાઠક પાસે ગુણિયલ ગૃહિણીનો અભિનય કર્યો હતો. એ ઢોંગ એની પ્રકૃતિ જ બની ગયો હતો. એમાં આ શેખર ખોસલા આવ્યો. અને પછી બે ઘડીમાં આઠ વર્ષથી રચેલો એનો ઢોંગ ઢગલો થઇને પડી જવાની તૈયારીમાં આવ્યો. કામિનીએ મારી, મારી માની જનમકેદમાંથી છૂટવાનો, શેખર ખોસલાને કાયમ -ને માટે ચૂપ કરી દેવાનો, પોતાની જાતને ગુણિયલ ગૃહિણી તરીકે સાબિત કરવાનો આ એક જ ઉપાય જોયો." :પૃ.૨૦૫.:

વસ્તુ સંકલનાને ખૂબ જ ઉપકારક થઇ શકે એવું :પ્રકરણ-૭.: - "કેશવલાલ પુરુષોત્તમ ઠાકર" છે. અહીં સુંદરના અભિપ્રાય પ્રમાણે કામિની કેટલી બધી જૂઠી ઢોંગી છે એ છતું થાય છે. સાથે સાથે કથાના તાણા-વાણા અહીં ગૂંથાય છે.

"પ્રીતમલાલ સોનીને એની વહુની છિનાળીની બીક છે - એને એ રીતે દાખલો આપીને ડરાવ્યો. સુંદર પોતાની ચાલબાજીઓ, ધાકધમકીઓની રામબાણ ફત્તેહનો ગર્વ છે. તો એને શેખર ખોસલા એનાથી વધુ મોટો ઠગ, વધુ શક્તિશાળી ચીતરીને ડરાવ્યો - : વધુ જોરથી હસે છે.:" અને આપણા મહાન નાટ્ય શિરોમણિ જગન્નાથ મહાશંકર પાઠકને તો, એક બાળકની જેમ શેખર ખોસલા તને પૂરી દેશે, એમ કહીને ડરાવ્યો..." :પૃ.૨૮૧.:

કામિનીએ બધાં પાત્રોની નબળાઇ પકડી હતી ને એ નબળાઇનો ઉપયોગ એમને દબાવવામાં - ડરાવવામાં કરતી હતી. પાઠકને કામિની પ્રત્યે અંધપ્રેમ છે. એ એની નબળાઇ છે, તો પાઠકને કામિની આ રીતે ટટળાવતી :

"એને એ જ રીતે ટટળાવી શકાય । એનો મારી પ્રત્યેનો અંધ પ્રેમ જ એની સાચી નબળાઇ છે. હમેશાં હું એનો અવિશ્વાસ કરું છું એવું બતાવ્યા કરવાની જરૂર છે. તો જ એ તલવારની ધાર ઉપર ચાલતો હોય એવું અનુભવ્યા કરે ।" :પૃ.૨૧૨.:

કવિરાજ – કેશવ ઠાકર એ કૃતિના આરંભે અસામાન્ય રીતે વર્તતું પાત્ર – એકલવાયું ને બધાંથી દૂર રહેતું પાત્ર હતું. પણ શેખર ખોસલાના ખૂન પછી એનું વર્તન માણસ જેવું સામાન્ય થાય છે. શેખર ખોસલાના ખૂનથી કામિની ને કેશવ ઠાકર પણ મોક્ષ પામે છે. કેશવ ઠાકર હવે બુધ્ધુ જેવો નથી લાગતો. કામિનીની એક એક વાત એ ઝડપથી ને સચોટ રીતે સમજી જાય છે.

કામિનીએ પાઠકને ટટળાવવાની રીત વિષે વાત કરી કે તરત જ કેશવ ઠાકર તાળો મેળવી આપતો હોય એમ કહે છે :

"અને તમને વધુ ને વધુ ઝનૂનથી અંધપ્રેમ કર્યાં કરે બરાબર ? તમારી એ ઉપયોગવાળી વાત પણ શેખર ખોસલાની જેમ એક – કાલ્પનિક હાઉ છે કેમ ? " :પૃ.૨૮૨.:

કામિની બોલી ઉઠી :

"કવિરાજ, બહુ પાક્કા છો તમે ।" :પૃ.૨૮૨.:

શેખર ખોસલાનું "મિથ" એના મૃત્યુ સાથે દૂર થાય છે ને જાણે કેશવ ઠાકર હળવો ફૂલ થઇ જ જાય છે. એ એક સામાન્ય માણસની જેમ વર્તી શકે છે :

"શેખરના મૃત્યુની સાથે પુરાણા કેશવ ઠાકરનું પણ મૃત્યુ થયું હતું. કેશવ ઠાકર નવો માણસ હતો. એનો લખવાનો રોગ મટી ગયો હતો. એ ખુલ્લે-આમ હસી બોલી શકતો હતો: જિંદગી એણે શેખરની નજરથી બચાવીને, શેખરથી ડરતાં-ડરતાં કાઢવાની

નહોતી. કેશવનો આત્મવિશ્વાસ પાછો આવ્યો હતો. કેશવને સારા, જિંદગીના વિચારો આવતા હતા. કોઇ કરિશ્માથી એના પૈસા બચતા હતા, એનું જીવન વ્યવસ્થિત થઇ ગયું હતું. જિંદગી-અભિશાપ રૂપે સ્વીકારી લીધેલી જિંદગી - ધડાક અવાજ સાથે જાણે પૂરી થઇ ગઇ હતી. કેશવે નવું ઘર વસાવ્યું હતું..." :પૃ.૨૬૭:

આમ અહીં કૃતિમાં પાત્રોના એક કરતાં વધુ ચહેરા - દંભથી જીવતાં જીવનને વાસ્તવિકતા, એકબીજાનો ઉપયોગ કરી લેવાની વૃત્તિ એ બધાની કલાત્મક રીતે થયેલી રજૂઆત ને એ બધા અંગેના સૂક્ષ્મ તાણા-વાણા કૃતિની સંકલનામાં મહત્ત્વનો ભાગ બની રહે છે. નાટકમાં જીવન ને જીવનમાં નાટક એવાં તો એકરૂપ થયેલાં જોવા મળે છે ને એના વચ્ચે કોઇ ભેદરેખા પાડવાનું મુશ્કેલ બની જાય છે ને તેથી કૃતિના અંતે સમગ્ર જીવન જ એક નાટક જ લાગે છે. વાસ્તવિક જીવનમાં પણ આ કૃતિમાં બતાવ્યા પ્રમાણે શેખર ખોસલાના "મિથ"થી લોકો ભયભીત રહેતા જ હોય છે ને ! જીવનમાં વાસ્તવિક ભય કરતાં કાલ્પનિક ભય જ માણસને ડરપોક - કાયર બનાવે છે ને !

o o o